


# દિલ્હી પોલીસ સામે 'આપ' સરકારના ધરણા

## કેજરીવાલના ધરણાથી ટ્રાફિકજામ અને અંધાધૂંધી સર્જાઈ : સુશીલકુમાર શિંદેની નોર્થ બ્લોક કચેરી તરફ કૂચ કરતા કેજરીવાલના કાફલાને રોકી દેવાયો : ભારે ઝપાઝપી થઈ : સડક પરથી સરકાર ચલાવવા જાહેરાત

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ફરજ પર બેદરકારી બદલ દિલ્હી પોલીસના કેટલાક અધિકારીઓને સસ્પેન્ડ કરવાની માંગણીને લઈને મધ્ય દિલ્હીમાં તેમના ધરણા શરૂ કરી દીધા હતા જેથી દિલ્હીમાં ભારે અંધાધૂંધીની સ્થિતિ સર્જાઈ હતી. પ્રતિબંધાત્મક આદેશો પણ લાગુ કરવામાં આવ્યા હતા. તેમના સમર્થકો દ્વારા ઈન્કલાબ જિંદાબાદના નારાઓ વચ્ચે કેજરીવાલે કેન્દ્ર અને દિલ્હી પોલીસ સામે સીધીરીતે લડત માટે કમરસકી લીધી હતી અને ધરણા શરૂ કર્યા હતા. કેન્દ્ર સરકાર સામે આમ આદમી પાર્ટીએ જંગની શરૂઆત કરી દીધી છે. કેજરીવાલ અને તેમના કેબિનેટના સાથીઓ અગાઉ કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેની નોર્થ બ્લોક ઓફિસની બહાર ધરણા કરવા બેસવાના હતા પરંતુ તેમને રેલવે ભવન નજીક રોકી દેવામાં આવ્યા હતા અને રાજપથ તરફ વધવાની પરવાનગી પણ આપવામાં આવી ન હતી. કેજરીવાલના કાફલાને રોકી દેવામાં આવ્યો હતો. કેજરીવાલ અને અન્યોએ ત્યારબાદ રેલવે ભવન નજીક નાનકડા ગાર્ડનમાં મોરચા સંભાળી લીધા હતા અને કહ્યુ હતુકે જ્યાં સુધી તેમની માંગણીને પૂર્ણ કરાશે નહીં ત્યાં સુધી દેખાવો અને ધરણા જારી રહેશે. કેજરીવાલના દેખાવોના કારણે મધ્ય દિલ્હીમાં વ્યાપક ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ચાર મેટ્રો સ્ટેશનોને બંધ રાખવાની સ્થિતિ સર્જાઈ હતી. સામાન્ય લોકોએ પણ કેજરીવાલના વલણ સામે વાંધો ઉઠાવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

સળગે છે તે ભડકો છે,
ને પ્રગટે છે દીપ, મલકે
તે મોતી છે, ને ચળકે
છે તે છીપ
- વેણીભાઇ પુરોહિત

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૦ | ૨૧ જાન્યુઆરી, ૨૦૧૪, મંગળવાર; પોષ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### આપ સરકારના ધરણાના બંદોબસ્ત માટે ૪૦૦૦ પોલીસ કર્મીઓ તહેનાત

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના દિલ્હી પોલીસ સામેના ધરણાંના બંદોબસ્ત માટે ૪૦૦૦



પોલિસ કર્મીઓને જોતર્યા છે આ મતબલનું ટવીટ કેન્દ્રીય રાજય ગૃહમંત્રી આર.પી.એન. સિંઘે સાંજે ટવીટર ઉપર કર્યું હતું.

### જાસુસી પ્રકરણમાં કેન્દ્રને તપાસ પંચ માટે જજ મળતા નથી

ગુજરાતના મહિલા જાસુસી પ્રકરણમાં તપાસ કરાશે તેવી કેન્દ્ર એ જાહેરાત કરે એક મહિનો વિતી ગયો છે. આટલો સમય વિત્યો હોવા છતાં કેન્દ્ર સરકારને એક પણ ન્યાયાધીશ આ તપાસનું નેતૃત્વ સંભાળવા માટે મળ્યા નથી. આ કાર્ય માટે કેટલાક નિવૃત્ત ન્યાયાધીશોનો સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી કોઈ ન્યાયાધીશ આ કાર્ય માટે તૈયાર થયા નથી.

### શુટીંગ માટે શાહરૂખ ગુજરાત આવે છે

બોલીવુડમાં કિંગખાન તરીકે પ્રખ્યાત અભિનેતા શાહરૂખ ખાન પોતાની આગામી ફિલ્મ રઈસના



શુટીંગ માટે ગુજરાત આવે તેવી શકયતા છે. ગુજરાતની પૃષ્ઠભૂમિ પરની વાર્તામાં અભિનેતા શાહરૂખ ખાન ગુજરાતી બુટલેગરનું પાત્ર ભજવશે. જયારે ફરહાન અખ્તર પોલીસ ઓફિસર બનશે. આ ફિલ્મનું ૨૦ દિવસનું શુટીંગ અમદાવાદ અને ૭-૮ દિવસનું શુટીંગ વાંકાનેરમાં થાય તેવી શકયતા છે.

# મહેસુલી તલાટીઓને નાયબ મામલતદાર બનાવવાની વિચારણા

## કારકુનમાંથી નાયબ મામલતદારની બઢતી માટેની કવાયત સંપન્ન : નવા જિલ્લાઓમાં પડતી જગ્યાઓ અને વય મર્યાદાથી ખાલી પડતી જગ્યાઓને ધ્યાને રાખી રાજ્ય સરકારના મહેસુલ વિભાગે હાથ ધરેલી કવાયત

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના મહેસુલ વિભાગે મહેસુલ તલાટી સંવર્ગના કર્મચારીઓને નાયબ મામલતદાર તરીકે બઢતી આપવા અંગેની ગંભીર વિચારણા હાથ ધરી છે અને વિધાનસભાના બજેટ સત્ર દરમ્યાન આ અંગે વિધિવત જાહેરાત કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

મહેસુલ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યમાં નવા જિલ્લાઓની રચના થતાં નાયબ મામલતદારોની જગ્યાઓ મોટા પ્રમાણમાં ઉભી થવા પામી છે. આ ઉપરાંત હાલ નાયબ મામલચદારોની ઘણી બધી જગ્યાઓ ખાલી પડી છે. આ ઉપરાંત આગામી એક-બે વર્ષમાં ઘણા બધા કર્મચારીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે. આ સંજોગોમાં તંત્રની કામગીરી પર વિપરીત અસરો પડે નહિ તે માટે મહેસુલ વિભાગે આ અંગેની વિચારણા ગંભીર રીતે હાથ ધરી છે.

તલાટી સંવર્ગમાં બઢતીની શક્યતાઓ બહુ ઓછી હોય છે. આ સંજોગોમાં આ નવી તક આપવા અને તેમના અનુભવને ધ્યાને લઈ સરકારે આ દિશામાં આગળ વધવા માટેનું મન બનાવી લીધુ હોવાનું સૂત્રોમાંથી નિર્દેશો મળી રહ્યા છે.

મહેસુલ વિભાગે આ અંગેની કવાયત પણ હાથ ધરી હોવાના સ્પષ્ટ નિર્દેશો સૂત્રોમાંથી પ્રાપ્ત થઈ રહ્યા છે. આ અંગેની વિગતવાર અહેવાલ પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત તાજેતરમાં સરકારે ૧૫૦૦ જેટલા મહેસુલી તલાટીઓની ભરતી માટેની જાહેરાત પણ કરી દીધી છે.

રાજ્યમાં હવે મહેસુલી તલાટી સંવર્ગના કર્મચારીઓને નાયબ મામલતદાર તરીકે બઢતી આપવાની આ વિચારણાની સાથે સાથે જિલ્લા તંત્રમાં કારકુનો તરીકે ફરજો બજાવતા કર્મચારીઓને પણ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

ઠંડીમાં વધઘટ - આ વર્ષે શિયાળામાં ઠંડીમાં ચાર-ચાર ડીગ્રીની વધઘટ ચાલ્યા કરે છે... હજુ ૩૬ કલાક પહેલા ૬.૫ ડીગ્રી લઘુતમ તાપમાન હતું, જ્યારે ગઈકાલે સવારે ૧૪.૨ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું. વાદળા આકાશમાં ઘેરાય એટલે ઠંડી ઘટે... અને વાદળા ફાટે એટલે ઠંડી વધે... આવો ક્રમ સતત ૪૫ દિવસથી જળવાય છે. ગઈકાલે અને આજે ઠંડીનું પ્રમાણ ઓછું હતું... હવે આવતીકાલ અને પરમ દિવસ ઠંડી ૬ ડીગ્રીએ પહોંચવાની આગાહી છે.

# નમોની 'ચા ગોઠડી'નો પ્રારંભ ગાંધીનગરથી




ગાંધીનગર, તા.૨૦

લોકસભાની આગામી ચુંટણી માટે ભાજપના વડા પ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દેશભરમાં ચા ગોઠડીનું આયોજન કરશે. તેનો પ્રારંભ ગાંધીનગરથી કરવામાં આવશે.

ભાજપને આગામી લોકસભાની ચુંટણીમાં ૨૭૧ કરતા વધુ બેઠક અપાવવા માટે ભાજપે કમર કસી છે. દેશભરમાં પ્રસાર અભિયાનને તેજ બનાવાયું છે. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પૂરી તાકાત સાથે દેશભરમાં ફરીને રાજકીય કાર્યક્રમો આપી રહ્યા છે. નરેન્દ્ર મોદીની સામાન્ય માણસની છબીને વધુ દ્રઢ બનાવવા હવે દેશભરમાં 'ચાય ગોઠડી'નું આયોજન કરવાનું વિચારાયું છે. આગામી ૧લી ફેબ્રુઆરીથી

● અનુસંધાન પાન-૭ પર

# જીલ્લામાં ચૂંટણી માટે ૧૬ અધિકારીઓને નોડલ ઓફિસર તરીકે નિમવામાં આવ્યા

## તંત્રે ચૂંટણીની તૈયારીઓ માટે આરંભેલી કાર્યવાહી, ચૂંટણીની ફરજો માટે કર્મચારીઓની ડેટા એન્ટ્રી પૂર્ણ

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની આવી રહેલી ચૂંટણી માટેની તૈયારીઓમાં જિલ્લાતંત્રએ આરંભ કરી દીધો છે. આ ચૂંટણી માટે ૧૬ જેટલા નોડલ ઓફિસરોની નિમણુંક કરતા હૂકમો આજે તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે ૨૯મીએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી અનિતા કરવાલ આવી રહ્યા છે. તેમની આ સમીક્ષા બેઠક પૂર્વે જ આજે જિલ્લા વહીવટી તંત્રએ આજે ૧૬ જેટલા મહત્વના નોડલ ઓફિસરોની નિમણુંક કરી દીધી છે.

ચૂંટણી પંચ દ્વારા મંજૂર કરાયેલ કેટલીક મહત્વની જગ્યાઓ પર નિમણુંકો આપાવની કવાયત પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે અને આ સપ્તાહના અંત સુધીમાં આ કાર્યવાહી સંપન્ન થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

જે જે અધિકારીઓની નોડલ ઓફિસર તરીકે નિમણુંક કરવામાં આવી છે તેમાં ખર્ચ મોનીટરીંગ માટે અધિક કલેક્ટર ડૉ. એમ.ડી. મોડિયા, આચાર સંહિતના અમલ માટે ડી.આર.ડી.એ.ના નિયામક શ્રીમતિ જયશ્રીબેન દેવાંગણ, કાયદો અને વ્યવસ્થા માટે શ્રી કે.આર. ભુવા, બેલેટ પેપર માટે શ્રી શૈલેષ શાહ, નિરીક્ષકો માટેના નોડલ ઓફિસર તરીકે નાયબ મ્યુનિ. કમિશ્નર શ્રી આર.એમ. તન્ના, ઈવીએમ મેનેજમેન્ટ માટે શ્રી ડી.પી. ચૌહાણ, એસ.એમ.એસ. મોનીટરીંગ માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એસ. દેસાઈ, મેનપાવર માટે શ્રી વી.આર. ગોંસાઈ,

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ૩૧મીએ ભાજપ પ્રદેશ કારોબારી

## આજથી ઓમ માથુર રાજયના ત્રણ દિવસના પ્રવાસે આવી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત ભાજપના પ્રભારી શ્રી ઓમ માથુર આજથી રાજયના ત્રણ દિવસના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ તેમના આ પ્રવાસ દરમિયાન સૌરાષ્ટ્રની લોકસભાની બેઠકો માટેની સમીક્ષા હાથ ધરશે. દરમિયાન ભાજપની પ્રદેશ કારોબારી પણ ૩૧મી જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે મળશે.

ભાજપના પ્રભારી શ્રી ઓમ માથુર ૨૨, ૨૩ અને ૨૪ દરમિયાન સૌરાષ્ટ્રની લોકસભા બેઠકો માટેની સમીક્ષા બેઠકમાં હાજરી આપનાર છે. શ્રી ઓમ માથુર ગુજરાત સંગઠનના અચ્છા જાણકાર રહ્યા છે તેમજ વિધાનસભાની છેલ્લી બે ચૂંટણીઓ દરમિયાન પણ તેઓ પ્રભારી હતી.

ભાજપના અંતરંગ વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની સમીક્ષા પૂર્ણ થઈ ગઈ છે જયારે અમદાવાદ, ગાંધીનગર અને દ. ગુજરાતની બેઠકોની સમીક્ષા પ્રદેશ કારોબારીની બેઠક બાદ હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ભાજપની પ્રદેશ કારોબારીમાં નવી દિલ્હી ખાતે સંપન્ન થયેલ રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં થયેલી ચર્ચાઓની જાણકારી તેમજ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટેની રણનીતિ તૈયાર કરવા અંગેની કવાયત હાથ ધરવામાં આવનાર છે.

પ્રદેશ પ્રમુખશ્રી ફળદુના અધ્યક્ષપદે મળનારી કારોબારી બેઠકમાં લોકસભાની ચૂંટણી માટે પક્ષ દ્વારા શરુ કરાયેલ તૈયારીઓની પણ વિશેષ સમીક્ષા કરવામાં આવનાર છે.

# એક જ જગ્યા પર ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલી કરાશે

ગાંધીનગર, તા. ૨૦

આગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને ચૂંટણી પંચે એક જ જગ્યા પર ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલી કરવા માટેની સૂચના આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને જિલ્લા તાલુકામાં ફરજ બજાવતા અધિકારીઓ પૈકી કેટલાક અધિકારીઓ એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવે છે.

આગામી લોકસભા ચૂંટણી અંગેનું જાહેરનામુ ફેબ્રુઆરીના બીજા અથવા ત્રીજા સપ્તાહમાં જારી થાય તેવી શક્યતા છે. અને ચૂંટણીઓ માર્ચ એપ્રીલમાં યોજવામાં આવે તેવી સંભાવના છે. આથી લોકસભાની ચૂંટણીઓ ન્યાયીક અને શાંતિપૂર્ણ રીતે થાય તે માટે એક જ જિલ્લા તાલુકા મથકો સરકારી અધિકારીઓ એક જ જગ્યા પર ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી હોય તો તેવા અધિકારીઓની બદલીઓ કરવા માટેની સૂચના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવી છે.

